# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
વાટીકા ટાઉનશીપ સામે, ડુંભાલ, સુરત.
૦૨૬૧–૨૩૩૧૯૦૩–૦૪–૦૫
અપીલ અરજી નં.SMC/FAP/SEZ/નં.૩૬
તા.૦૨/૦૭/૨૦૧૫ (૨૦૧૫–૧૬)

અરજદાર :– શ્રી સુરેશ એમ.પટેલ

સામાવાળા :– શ્રી ડો.પી.એચ.ઉમરીગર, જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી(તત્કાલીન), S.E.Z.
શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને સીનીયર મુખ્ય આરોગ્ય નિરીક્ષક (હાલના), S.E.Z.

ફરીયાદની હકીકત :–

વિષય :– આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રી સુરેશ એમ.પટેલની અત્રેના ઈ.નં.૧૯૩, તા.૧૪/૦૫/૧૫ (આઈ.ડી.નં.૩૪૨, તા.૧૨/૦૫/૧૫, સેન્ટ્રલ ઝોન) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોનમાં આવેલ સોસાયટી મહાપ્રભુનગર, મદનપુરા, મંગલાપાર્ક, સુભાષનગરમાં ચાલતા તપેલા ડાઈંગવાળાઓને દૈનિક ન્યુઝપેપરમાં આવેલા સમાચાર મુજબ કેટલા તપેલા ડાઈંગની સંસ્થાઓને સીલ મારવામાં આવ્યા તે તમામ સંસ્થાઓનું નામ તેમજ સંસ્થાના સરનામા તેમજ સંસ્થાના સંચાલકોના નામ સાથેની વિગત. વિગેરે મુદ્દા નં.(૧) થી (૩).

સંદર્ભઃ– અરજદાર મજકુરની અત્રેના ઈ.નં.૪૧૨, તા.૦૨/૦૭/૧૫ ની અપીલ અરજી, SMC/FAP/SEZ નં.૩૬/૨૦૧૫–૧૬.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, સુરેશ એમ.પટેલની અત્રેના ઈ.નં.૧૯૩, તા.૧૪/૦૫/૧૫ (આઈ.ડી.નં.૩૪૨, તા.૧૨/૦૫/૧૫, સેન્ટ્રલ ઝોન) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ (૧) સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોનમાં આવેલ સોસાયટી મહાપ્રભુનગર, મદનપુરા, મંગલાપાર્ક, સુભાષનગરમાં ચાલતા તપેલા ડાઈંગવાળાઓને દૈનિક ન્યુઝપેપરમાં આવેલા સમાચાર મુજબ કેટલા તપેલા ડાઈંગની સંસ્થાઓને સીલ મારવામાં આવ્યા તે તમામ સંસ્થાઓનું નામ તેમજ સંસ્થાના સરનામા તેમજ સંસ્થાના સંચાલકોના નામ સાથેની વિગત. (૨) મુદ્દા નં. (૧)માં જણાવ્યા મુજબ તપેલા ડાઈંગવાળાઓને લિંબાયત ઝોનના સંબંધિત વિભાગોમાંથી કયા વિભાગવાળાએ સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવી, કોની મંજુરીથી કરવામાં આવી અને કયા કારણસર સીલ કરવામાં આવ્યા. જેની લેખિત સ્વરૂપે માહિતી આપો. (૩) મુદ્દા નં. (૧)માં જણાવ્યા મુજબ સંબંધિત વિભાગના અધિકારીઓએ બી.પી.એમ.સી.એકટની કઈ કઈ કલમ હેઠળ સીલ મારવામાં આવ્યા તેની સંપૂર્ણ વિગત સાથેની માહિતી તેમજ અપીલ અરજીમાં " નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ છે." એમ જણાવી અત્રેના અપીલ અધિકારીશ્રી, સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત), સુરતને સંબોધીને કરવામાં આવેલ અપીલ અરજી અત્રેના ઈ.નં.૪૧૨, તા.૦૨/૦૭/૧૫ થી મળેલ છે.

મૂળ અરજીની નકલ, તબદીલી, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૫ માં નીચે સહી કરનારને પહોચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા અરજદારને નકલ ચાર્જ ભરવા અંગે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પત્ર (નમૂનો "ખ") પાઠવેલ હોય તો તેની નકલ ઉપરાંત માહિતીની દફતરી વિગતો મુદ્દાવાઈઝ નકલ સ્પષ્ટ કરવા નં.સા.ઈ.ઝોન આર.ટી.આઈ.સેલ/૨૪૮, તા.૦૬/૦૭/૧૫ થી જણાવેલ. જે અપીલ અરજી અન્વયે જાહેર

માહિતી અધિકારીશ્રીઓ દ્વારા દિન–૦૫ માં કોઈ પૂરક જવાબ (માહિતી) અરજદારને આપેલ હોવાનું તેમજ અત્રે કોઈ પૂરક જવાબ અરજદારશ્રીને પાઠવ્યાની નકલ મોકલાવી નથી.

ઉપરોક્ત સમગ્ર તુમારી કામના કાગળો ચકાસતા મુળ અરજીના અનુસંધાનમાં માંગેલ માહિતી અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી(તત્કાલીન) શ્રી ડો.પી.એચ.ઉમરીગર દ્વારા ક્રમાંક : સા.ઈ.ઝોન/આરોગ્ય/આ.નં./૨૦૧, તા.૦૩/૦૬/૧૫થી પાઠવેલ જવાબ (માહિતી) મુજબ **" મુદ્દા નં.(૧) થી (૩) :– મહાપ્રભુનગર, મદનપુરા, મંગલપાર્ક, સુભાષનગરમાં ચાલતાં તપેલા ડાઈંગવાળાઓને લિંબાયત ઝોનના આરોગ્ય ખાતા તરફથી સીલ મારવાની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી."** આમ, સમય મર્યાદામાં સ્પષ્ટ જવાબ (માહિતી) પુરી પાડેલ હોવાનું જણાય છે.

**<u>હુકમ</u>**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨/૦૫/૧૫ ના રોજની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી(તત્કાલીન) શ્રી ડો.પી.એચ.ઉમરીગર દ્વારા સમય મર્યાદામાં સ્પષ્ટ જવાબ (માહિતી) પાઠવેલ હોય વિશેષ કોઈ હુકમ કરવાજોગ રહેતો નથી.

સદર હુકમથી અરજદાર નારાજ હોય તો, માન.મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, ગાંધીનગર સમક્ષ દિન – ૯૦ માં દ્વિતીય અપીલ અરજી કરી શકે છે.

(ડો.પી.એચ.ઉમરીગર)
એપેલેટ ઓફિસર અને નાયબ આરોગ્ય અધિકારી
રાઈટ ટુ ઈન્ફો.સેલ (SEZ/EST)
સુરત મહાનગરપાલિકા

નં. આરટીઆઈ સેલ/મહેકમ
તારીખઃ– /૦૭/૨૦૧૫

પ્રતિ,

(૧) શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને સીનીયર મુખ્ય આરોગ્ય નિરીક્ષક (હાલના), S.E.Z... પ્રતિ જાણ સારૂ.....
(૨) શ્રી સુરેશ એમ.પટેલ, તેઓની અપીલ અરજી અંગે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ...

# સુરત મહાનગરપાલિકા

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
વાટીકા ટાઉનશીપ સામે, ડુંભાલ, સુરત.
૦૨૬૧–૨૩૩૧૯૦૩–૦૪–૦૫
અપીલ અરજી નં.SMC/FAP/SEZ/નં.૪૦
તા.૧૪/૦૭/૨૦૧૫ (૨૦૧૫–૧૬)

અરજદાર :– શ્રી નિલેશ ઈશ્વરભાઈ પટેલ

સામાવાળા :– શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે.,S.E.Z.

ફરીયાદની હકીકત :–

વિષય :– આર.ટી.આઈ.એક્ટ હેઠળ અરજદારશ્રી નિલેશ ઈશ્વરભાઈ પટેલની અત્રેના ઈ.નં.૩૯૫, તા.૨૯/૦૬/૧૫ (આઈ.ડી.નં.૨૧૬, તા.૨૬/૦૬/૧૫, મધ્યસ્થ કચેરી) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ (૧) લિંબાયત ઝોનમાં આવેલ મદનપુરા શાક માર્કેટ માં કેટલા શાકભાજી વાળાઓ છે. તેઓના નામ, સરનામા, તેમજ મોબાઈલ નંબર સાથેની માહિતી આપવા મહેરબાની કરશો. વિગેરે મુદ્દા નં.(૧) થી (૬) ની માહિતી પુરી પાડશો.

સંદર્ભઃ– અરજદાર મજકુરની અત્રેના ઈ.નં.૪૫૭, તા.૧૪/૦૭/૧૫ ની અપીલ અરજી, SMC/FAP/SEZ નં.૪૦/૨૦૧૫–૧૬.

ઉપરોક્ત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, અરજદારશ્રી નિલેશ ઈશ્વરભાઈ પટેલની અત્રેના ઈ.નં.૩૯૫, તા.૨૯/૦૬/૧૫ (આઈ.ડી.નં.૨૧૬, તા.૨૬/૦૬/૧૫, મધ્યસ્થ કચેરી) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ (૧) લિંબાયત ઝોનમાં આવેલ મદનપુરા શાક માર્કેટ માં કેટલા શાકભાજી વાળાઓ છે. તેઓના નામ, સરનામા, તેમજ મોબાઈલ નંબર સાથેની માહિતી આપવા મહેરબાની કરશો. (૨) મદનપુરા શાકમાર્કેટમાં દરેક શાકભાજીવાળાઓને કેટલા ફુટ જગ્યા ફાળવવામાં આવેલ છે. અને કયા અધિકારીશ્રી દ્વારા કરેલ છે. તેઓનો હોદ્દો સાથેની માહિતી આપવા મે. કરશોજી. (૩) મદનપુરા શાકમાર્કેટમાં શાકભાજી લેવા આવનાર માટે પાર્કીગની સુવિધા કયા કરવામાં આવેલી છે તે જગ્યાની સરનામા સાથેની માહિતી આપવા મે.કરશોજી. (૪) મદનપુરા શાકમાર્કેટ ખુલવાનો તથા બંધ થવાનો સમય કેટલો છે તેમજ માર્કેટ બંધ થયા પછી માર્કેટમાં લાઈટ કયા પરિપત્ર મુજબ ચાલુ રાખવામાં આવે છે. તે અંગેની માહિતી આપવા મ.કરશોજી. (૫) પ્લોટ નં.૯, ૧૦, અને ૧૨ શ્રીનાથજી સોસાયટી – ૦૩ (ગાંધીનગર – ૦૩) નીલગીરી ડીંડોલીના રહીશો રોડ પર ફોર વ્હીલર, થ્રી વ્હીલર પાર્કીગ કરી રોડ પર દબાણ કરે છે તો તેઓની સામે કોઈ કાર્યવાહી કરેલ છે કેમ જો કરેલ હોય તો તેની સર્ટીફાઈડ નકલ આપી માહિતી આપવા મે.કરશોજી. જો કોઈ કાર્યવાહી કરેલ ન હોય તો કયારે કરવામાં આવશે તે અંગેની માહિતી આપવા મે. કરશોજી. (૬) ઓનલાઈન આપેલ ફરીયાદ જેનો નં.૫૫૫૧૪૨૦૧૫૬૨૭૪ તેમજ ૫૫૫૧૪૨૦૧૫૪૭૪૮ છે. જે અંગે શું કાર્યવાહી કરી તે અંગેની માહિતી આપવા મે.કરશોજી. તેમજ અપીલ અરજીમાં "જાહેર માહિતી અધિકારી દ્વારા અધુરી અને અસ્પષ્ટ માહિતી આપેલ" એમ જણાવી અત્રેના અપીલ અધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) સુરતને સંબોધીને કરવામાં આવેલ અપીલ અરજી અત્રેના ઈ.નં.૪૫૭, તા.૧૪/૦૭/૧૫ થી મળેલ છે.

મૂળ અરજીની નકલ, તબદીલી, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૫ માં નીચે સહી કરનારને પહોચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા અરજદારને નકલ ચાર્જ ભરવા અંગે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પત્ર (નમૂનો "ખ") પાઠવેલ હોય તો તેની નકલ ઉપરાંત માહિતીની દફતરી વિગતો મુદ્દાવાઈઝ નકલ સ્પષ્ટ કરવા નં.સા.ઈ.ઝોન આર.ટી.આઈ.સેલ/૨૮૬, તા.૨૧/૦૭/૧૫ થી જણાવેલ. જે અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રીઓ દ્વારા દિન–૦૫ માં કોઈ પૂરક જવાબ (માહિતી) અરજદારને આપેલ હોવાનું તેમજ અત્રે કોઈ પૂરક જવાબ અરજદારશ્રીને પાઠવ્યાની નકલ મોકલાવી નથી.

ઉપરોકત સમગ્ર તુમારી કામના કાગળો ચકાસતા મુળ અરજીના અનુસંધાનમાં માંગેલ માહિતી અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે.શ્રી એમ.એ.શેખ દ્વારા ક્રમાંક સા.ઈ.ઝોન/આરોગ્ય/આ.નં.૫૭૯, ૨૩/૦૭/૨૦૧૫ થી પાઠવેલ જવાબ (માહિતી) મુજબ **"મુદ્દા નં.(૧) :– આપે માંગેલ માહિતીના પાના નંગ – ૦૪ હોય એક ફુલ સ્કેપ પાના રૂા.૨/– લેખે કુલ રૂા.૦૮/– ભરી નકલ મેળવી શકશો. (૨) :– અત્રે લાગુ પડતું નથી. (૩) :– આ ઓનલાઈન ફરીયાદો લાગત વિભાગ ટ્રાન્સફર કરવામાં આવેલ છે."** તેમજ ક્રમાંક સા.ઈ.ઝોન/આરોગ્ય/આ.નં.૫૯૬, ૨૮/૦૭/૨૦૧૫ થી પાઠવેલ વધુ એક પૂરક જવાબ (માહિતી) મુજબ **"મુદ્દા નં.(૧) આપે માંગેલ માહિતી લિંબાયત ઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ પાના નંગ – ૦૪ આ સાથે સામેલ છે. (૨) :– અત્રે લાગુ પડતું નથી. (૩) :– આ ઓનલાઈન ફરીયાદો લાગત વિભાગ ટ્રાન્સફર કરવામાં આવેલ છે."** આમ, જવાબ (માહિતી) પુરી પાડેલ, પરંતુ મુદ્દા નં.(૨) અન્વયે માહિતી પુરી પાડેલ હોવાનું કે તબદીલ કરેલ હોવાનું જણાતું નથી.

**<u>હુકમ</u>**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬/૦૬/૧૫ ના રોજની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે.શ્રી એમ.એ.શેખ દ્વારા જવાબ (માહિતી) પાઠવેલ હોય, પરંતુ મુદ્દા નં.(૨) તેમજ મુદ્દા નં.(૪ આંશિક) અન્વયે જવાબ (માહિતી) પુરી પાડેલ હોવાનું તેમજ તબદીલ થયેલ હોવાનું જણાતું નથી. જે અન્વયે અરજદારશ્રીને આરટીઆઈ એકટની કમલ ૭(૬) હેઠળ વિનામૂલ્યે જવાબ માહિતી પુરી પાડવા અથવા જો તબદીલ કરવા જોગ હોય તો તબદીલ કરવા અંગે જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે.શ્રી એમ.એ.શેખ, સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ને જણાવવામાં આવે છે.

સદર હુકમથી અરજદાર નારાજ હોય તો, માન.મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, ગાંધીનગર સમક્ષ દિન – ૯૦ માં દ્વિતીય અપીલ અરજી કરી શકે છે.

(ડો.પી.એચ.ઉમરીગર)
એપેલેટ ઓફિસર અને નાયબ આરોગ્ય અધિકારી
રાઈટ ટુ ઈન્ફો.સેલ (SEZ/EST)
સુરત મહાનગરપાલિકા

નં. આરટીઆઈ સેલ/મહેકમ
તારીખઃ– /૦૮/૨૦૧૫

પ્રતિ,

(૧) શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને સીનીયર મુખ્ય આરોગ્ય નિરીક્ષક (હાલના), S.E.Z... પ્રતિ જાણ તથા અમલ સારૂ.....
(૨) શ્રી નિલેશ ઈશ્વરભાઈ પટેલ, તેઓની અપીલ અરજી અંગે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ...

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
વાટીકા ટાઉનશીપ સામે, ડુંભાલ, સુરત.
૦૨૬૧–૨૩૩૧૯૦૩–૦૪–૦૫
અપીલ અરજી નં.SMC/FAP/SEZ/નં.૭૫
તા.૧૬/૦૯/૨૦૧૫ (૨૦૧૫–૧૬)

અરજદાર :– શ્રી રમેશ કે. જાંગીડ

સામાવાળા :– શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને સિનિયર ચીફ સેનેટરી ઈન્સ્પેકટર, S.E.Z.
શ્રી જે.ડી.પટેલ, જાહેર માહિતી અધિકારી અને આસી.જંતુનાશક અધિકારી,S.E.Z.

ફરીયાદની હકીકત :–

વિષય :– આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રી રમેશ કે. જાંગીડની અત્રેના ઈ.નં.૬૩૬, તા.૧૯/૦૮/૧૫ (આઈ.ડી.નં.૪૮૦, તા.૧૨/૦૮/૧૫, વેસ્ટ ઝોન) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ મુદ્દા નં.(૧) લિંબાયત ઝોન કચેરીમાં ફરજ બજાવતાં અધિકારીઓ તથા કર્મચારીઓ પૈકી જેઓ ઝોન કચેરીમાં કરેલ કામગીરી અંગેની માસિક ડાયરી / વર્કબુક રજુ કરે છે. તે અધિકારીઓ તથા કર્મચારીઓના નામ, હોદ્દા સહિતની વિગત આપશો. વિગેરે મુદ્દા નં.(૧) થી (૩).

સંદર્ભ:– અરજદાર મજકુરની અત્રેના ઈ.નં.૭૩૬, તા.૧૬/૦૯/૧૫ ની અપીલ અરજી, SMC/FAP/SEZ નં.૭૫/૨૦૧૫–૧૬.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, અરજદારશ્રી રમેશ કે. જાંગીડની અત્રેના ઈ.નં.૬૩૬, તા.૧૯/૦૮/૧૫ (આઈ.ડી.નં.૪૮૦, તા.૧૨/૦૮/૧૫, વેસ્ટ ઝોન) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ મુદ્દા નં.(૧) લિંબાયત ઝોન કચેરીમાં ફરજ બજાવતાં અધિકારીઓ તથા કર્મચારીઓ પૈકી જેઓ ઝોન કચેરીમાં કરેલ કામગીરી અંગેની માસિક ડાયરી / વર્કબુક રજુ કરે છે. તે અધિકારીઓ તથા કર્મચારીઓના નામ, હોદ્દા સહિતની વિગત આપશો. મુદ્દા નં. (૨) લિંબાયત ઝોન કચેરીના શહેર વિકાસ વિભાગ, આકારણી વિભાગ, ડ્રેનેજ–પાણી વિભાગ, રોડ–રસ્તા વિભાગ, હાઉસીંગ વિભાગ તથા લાઈટ વિભાગમાં હાલમાં ફરજ બજાવતાં પહેલાં, બીજા અને ત્રીજા વર્ગના અધિકારી/કર્મચારીઓને તા.૦૧/૦૪/૨૦૧૪ થી તા.૩૦/૦૩/૨૦૧૫ સુધી મનપા દ્વારા ચુકવવામાં આવેલ વિવિધ ભથ્થાઓની રકમ, તારીખ તથા અધિકારી/કર્મચારીઓના નામ, હોદ્દા સહિતની કચેરીના ઉપલબ્ધ રેકર્ડ આધારીત વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં. (૩) માસિક ડાયરી / વર્કબુક રજુ ના કરનાર અધિકારી/કર્મચારીઓ વિરૂધ્ધ મનપા દ્વારા થતી કાર્યવાહીની વિગત આપશો. તેમજ અપીલ અરજીમાં "મળેલા પ્રતિભાવથી નારાજ થઈ માંગેલ માહિતીની સચોટ વિગત મેળવવા" એમ જણાવી અત્રેના અપીલ અધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત), સુરતને સંબોધીને કરવામાં આવેલ અપીલ અરજી અત્રેના ઈ.નં.૭૩૬, તા.૧૬/૦૯/૧૫ થી મળેલ છે.

મૂળ અરજીની નકલ, તબદીલી, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૫ માં નીચે સહી કરનારને પહોચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા અરજદારને નકલ ચાર્જ ભરવા અંગે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પત્ર (નમૂનો "ખ") પાઠવેલ હોય તો તેની નકલ ઉપરાંત માહિતીની દફતરી વિગતો મુદ્દાવાઈઝ નકલ સ્પષ્ટ કરવા નં.સા.ઈ.ઝોન આર.ટી.આઈ.સેલ/૪૪૫, તા.૨૧/૦૯/૧૫ થી જણાવેલ. જે અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રીઓ દ્વારા દિન–૦૫ માં કોઈ પૂરક જવાબ (માહિતી) અરજદારને આપેલ હોવાનું તેમજ અત્રે કોઈ પૂરક જવાબ અરજદારશ્રીને પાઠવ્યાની નકલ મોકલાવી નથી.

ઉપરોકત સમગ્ર તુમારી કામના કાગળો ચકાસતા મુળ અરજીના અનુસંધાનમાં માંગેલ માહિતી અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને સિનિયર ચીફ સેનેટરી ઈન્સ્પેકટર શ્રી એમ.એ.શેખ, દ્વારા ક્રમાંક : સા.ઈ.ઝોન/આરોગ્ય/આ.નં./૯૬૨, તા.૦૬/૧૦/૧૫ થી પાઠવેલ જવાબ(માહિતી) મુજબ **" મુદ્દા નં.(૩) :– અરજદારની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી આઈ.ડી.નં.૪૮૦, તા.૧૨/૦૮/૨૦૧૫ અત્રે મળેલ નથી. તેમજ અપીલના તબકકે અત્રેના વિભાગ પાસે માંગ્યા મુજબની માહિતી અત્રેના રેકર્ડ પર**

**ઉપલબ્ધ નથી. "** આમ, જવાબ (માહિતી) પુરી પાડેલ હોવાનું જણાય છે. તેમજ જાહેર માહિતી અધિકારી અને આસી.જંતુનાશક અધિકારી શ્રી જે.ડી.પટેલ દ્વારા ક્રમાંક : સા.ઈ.ઝોન/વી.બી.ડી.સી. વિભાગ/આ.નં./૮૨૨, તા.૦૭/૧૦/૧૫ થી પાઠવેલ જવાબ(માહિતી) મુજબ **"મુદ્દા નં.(૩) :– અરજદારની આર.ટી.આઈ. એક્ટ હેઠળની અરજી આઈ.ડી.નં.૪૮૦, તા.૧૨/૦૮/૨૦૧૫ અત્રે મળેલ નથી. તેમજ અપીલના તબકકે અત્રેના વિભાગ પાસે માંગ્યા મુજબની માહિતી અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી."** આમ, જવાબ (માહિતી) પુરી પાડેલ હોવાનું જણાય છે.

**<u>હુકમ</u>**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨/૦૮/૧૫ ના રોજની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે સંબંધિત તેમજ અન્ય સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓ (૧) શ્રી એમ.એ.શેખ, સિનિયર ચીફ સેનેટરી ઈન્સ્પેકટર અને (૨) શ્રી જે.ડી.પટેલ, આસી.જંતુનાશક અધિકારી દ્વારા જવાબ (માહિતી) પુરી પાડેલ હોય, પરંતુ મુદ્દા નં.(૧) ની જવાબ (માહિતી) પુરી પાડેલ ન હોય, આર.ટી.આઈ.એક્ટની કલમ ૭(૬) હેઠળ વિનામૂલ્યે દિન – ૦૭ અરજદારશ્રીને પુરી પાડવા જણાવવામાં આવે છે.

સદર હુકમથી અરજદાર નારાજ હોય તો, માન.મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, ગાંધીનગર સમક્ષ દિન – ૯૦ માં દ્વિતીય અપીલ અરજી કરી શકે છે.

(ડો.પી.એચ.ઉમરીગર)
એપેલેટ ઓફિસર અને નાયબ આરોગ્ય અધિકારી
રાઈટ ટુ ઈન્ફો.સેલ (SEZ/EST)
સુરત મહાનગરપાલિકા

નં. આરટીઆઈ સેલ/મહેકમ
તારીખઃ– /૧૦/૨૦૧૫

પ્રતિ,

(૧) શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને સીની.ચીફ સેને.ઈન્સ્પે., S.E.Z... પ્રતિ જાણ તથા અમલ સારૂ.....

(૨) શ્રી જે.ડી.પટેલ, જાહેર માહિતી અધિકારી અને આસી.જંતુનાશક અધિકારી, S.E.Z... પ્રતિ જાણ તથા અમલ સારૂ.....

(૩) શ્રી રમેશ કે.જાંગીડ, તેઓની અપીલ અરજી અંગે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ...

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
વાટીકા ટાઉનશીપ સામે, ડુંભાલ, સુરત.
૦૨૬૧–૨૩૩૧૯૦૩–૦૪–૦૫
અપીલ અરજી નં.SMC/FAP/SEZ/નં.૧૦૬
તા.૦૨/૧૨/૨૦૧૫ (૨૦૧૫–૧૬)

અરજદાર :– શ્રી સંજય આર. મિશ્રા

સામાવાળા :– શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે.,S.E.Z.

ફરીયાદની હકીકત :–

વિષયઃ– આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રી સંજય આર. મિશ્રા ની અત્રેના ઈ.નં.૮૮૭, તા.૧૬/૧૦/૧૫ (આઈ.ડી.નં.૧૩૭૫, તા.૩૧/૦૮/૧૫, સેન્ટ્રલ ઝોન) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ સુરત મહાનગર પાલિકા ની હદમાં વિવિધ વિસ્તારમાં કાર્યરત પે એન્ડ યુઝ (ટોયલેટ,સુલભ શૌચાલયો) અંગે નીચે મુજબની મુદ્દા નં.(૧) થી (૫) ની માહિતી આપવા વિનંતી.

સંદર્ભ :– અરજદાર મજકુરની અત્રેના ઈ.નં.૧૦૪૭, તા.૦૨/૧૨/૧૫ ની અપીલ અરજી, SMC/FAP/SEZ નં.૧૦૬/૨૦૧૫–૧૬.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, અરજદારશ્રી સંજય આર. મિશ્રા ની અત્રેના ઈ.નં.૮૮૭, તા.૧૬/૧૦/૧૫ (આઈ.ડી.નં.૧૩૭૫, તા.૩૧/૦૮/૧૫, સેન્ટ્રલ ઝોન) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ સુરત મહાનગર પાલિકા ની હદમાં વિવિધ વિસ્તારમાં કાર્યરત પે એન્ડ યુઝ (ટોયલેટ,સુલભ શૌચાલયો) અંગે નીચે મુજબની માહિતી આપવા વિનંતી. (૧) આ પે એન્ડ યુઝ (ટોયલેટ) ના સંચાલનના ટેન્ડરો જે વ્યકિત અથવા સંસ્થાને મળેલ હોય, તેઓના નામ, સરનામા ઈત્યાદી વિગત આપવા વિનંતી. (૨) આ પે એન્ડ યુઝ દ્વારા થતી આવક અને એ વહેંચણીની વિગત આપવા વિનંતી છે. (૩) આ પે એન્ડ યુઝ દ્વારા થતી કુલ આવક જણાવવા વિનંતી છે. (૪) આ પે એન્ડ યુઝની કુલ સંખ્યા જણાવવા વિનંતી છે. (૫) આ પે એન્ડ યુઝ સંચાલન માટે અપાયેલ પરવાનગી પત્રની નકલો આપવા વિનંતી છે. તેમજ અપીલ અરજીમાં "માંગેલ માહિતીનો જવાબ આજદિન સુધી મળેલ નથી." એમ જણાવી અત્રેના અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) સુરતને સંબોધિને કરવામાં આવેલ અપીલ અરજી અત્રેના ઈ.નં.૧૦૪૭, તા.૦૨/૧૨/૧૫ થી મળેલ છે.

મૂળ અરજીની નકલ, તબદીલી, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૫ માં નીચે સહી કરનારને પહોચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા અરજદારને નકલ ચાર્જ ભરવા અંગે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પત્ર (નમૂનો "ખ") પાઠવેલ હોય તો તેની નકલ ઉપરાંત માહિતીની દફતરી વિગતો મુદ્દા વાઈઝ નકલ સ્પષ્ટ કરવા નં.સા.ઈ.ઝોન/ઈ.એસ.ટી/આર.ટી.આઈ.સેલ/ ૬૨૬, તા.૦૪/૧૧/૧૫ થી જણાવેલ.

ઉપરોકત સમગ્ર તુમારી કામના કાગળો ચકાસતા મુળ અરજીના અનુસંધાનમાં માંગેલ માહિતી અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને સીનીયર ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી એમ.એ.શેખ દ્વારા ક્રમાંક : સા.ઈ.ઝોન/આરોગ્ય/આ.નં.૧૧૨૫, તા.૦૪/૧૧/૧૫ થી પાઠવેલ જવાબ (માહિતી) મુજબ **"મુદ્દા નં.(૨), (૩) અને (૪) :– લિંબાયત ઝોનમાં આવેલ પે એન્ડ યુઝની માહિતી તથા માસિક આવકનું પત્રક આ સાથે સામેલ છે."** આમ, નકલ સહિતની જવાબ (માહિતી) પુરી પાડેલ હોવાનું જણાય છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧/૦૮/૧૫ ના રોજની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને સીનીયર ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી એમ.એ.શેખ દ્વારા મુદ્દા નં.(૨) થી (૪) અન્વયે નકલ સહિતની જવાબ (માહિતી) પાઠવેલ હોય પરંતુ, મુદ્દા નં.(૧) અને (૫) અન્વયે કોઈપણ પ્રકારની તબદીલી / જવાબી કાર્યવાહી થયેલ હોવાનું જણાતું નથી. આથી સદર મુદ્દાઓ અન્વયે મુળ અરજી તબદીલ કરવાજોગ હોય, સંબંધીત જાહેર માહિતી અધિકારીશ્રી પ્રતિ તાકીદે તબદીલ કરવા તેમજ આ અંગે ભવિષ્યમાં વિશેષ કાળજી રાખવા સંબંધિત જાહેર માહિતી અધિકારી અને સીનીયર ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી એમ.એ.શેખને જણાવવામાં આવે છે.

સદર હુકમથી અરજદાર નારાજ હોય તો, માન.મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, ગાંધીનગર સમક્ષ દિન – ૯૦ માં દ્વિતીય અપીલ અરજી કરી શકે છે.

(ડો.પી.એચ.ઉમરીગર)
એપેલેટ ઓફિસર અને નાયબ આરોગ્ય અધિકારી
રાઈટ ટુ ઈન્ફો.સેલ (SEZ/EST)
સુરત મહાનગરપાલિકા

નં. આરટીઆઈ સેલ/મહેકમ
તારીખઃ– /૧૨/૨૦૧૫

પ્રતિ,

(૧) શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે., S.E.Z... પ્રતિ જાણ સારૂ.....

(૨) શ્રી સંજય આર.મિશ્રા, તેઓની અપીલ અરજી અંગે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ...

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
વાટીકા ટાઉનશીપ સામે, ડુંભાલ, સુરત.
૦૨૬૧–૨૩૩૧૯૦૩–૦૪–૦૫
અપીલ અરજી નં.SMC/FAP/SEZ/નં.૧૫૨
તા.૨૨/૦૩/૨૦૧૬(૨૦૧૫–૧૬)

અરજદાર :– શ્રી અરૂણ એસ પાઠક

સામાવાળા :– શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે.,S.E.Z.

ફરીયાદની હકીકત :–

વિષયઃ– આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રી અરૂણ એસ.પાઠકની અત્રેના ઈ.નં.૧૩૩૬, તા.૧૪/૦૨/૧૬ (આઈ.ડી.નં.૫૨૬, તા.૧૪/૦૨/૧૬, સા.ઈ.ઝોન) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ મુદ્દા નં.(૧) લિંબાયત ઝોન દ્વારા ડોર ટુ ડોર કચરાના નિકાલ માટે સને : ૨૦૧૫–૧૬ માં બહાર પાડેલ ટેન્ડરો તથા તેના નીતિ નીયમોની એટેસ્ટેડ નકલો આપશો. તથા બહાર પાડેલા ટેન્ડરના જાહેરાત માટે કરેલ કાર્યવાહીઓની સંપૂર્ણ એટેસ્ટેડ નકલો સહીત વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.(૧) થી (૯).

સંદર્ભ :– અરજદાર મજકુરની અત્રેના ઈ.નં.૧૪૯૩, તા.૨૨/૦૩/૧૬ ની અપીલ અરજી, SMC/FAP/SEZ નં.૧૫૨/૨૦૧૫–૧૬.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, અરજદારશ્રી અરૂણ એસ.પાઠકની અત્રેના ઈ.નં.૧૩૩૬, તા.૧૪/૦૨/૧૬ (આઈ.ડી.નં.૫૨૬, તા.૧૪/૦૨/૧૬, સા.ઈ.ઝોન) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ મુદ્દા નં.(૧) લિંબાયત ઝોન દ્વારા ડોર ટુ ડોર કચરાના નિકાલ માટે સને : ૨૦૧૫–૧૬ માં બહાર પાડેલ ટેન્ડરો તથા તેના નીતિ નીયમોની એટેસ્ટેડ નકલો આપશો. તથા બહાર પાડેલા ટેન્ડરના જાહેરાત માટે કરેલ કાર્યવાહીઓની સંપૂર્ણ એટેસ્ટેડ નકલો સહીત વિગતવાર માહિતી આપશો. (૨) લિંબાયત ઝોનમાં ડોર ટુ ડોર કચરાના નિકાલ માટે સને : ૨૦૧૫–૧૬ માં આવેલ તમામ ટેન્ડર અરજીઓની સંપુર્ણ માહિતી નકલો સાથે આપશો. તથા તે ટેન્ડરોમાંથી જે ટેન્ડરને મંજુર કરવામાં આવેલ હોય, તે કયા આધારે મંજુર કરવામાં આવેલ છે, તે અંગેની સંપૂર્ણ એટેસ્ટેડ નકલો સહીત વિગતવાર માહિતી આપશો. (૩) લિંબાતય ઝોનના તમામ વોર્ડોમાં ડોર ટુ ડોર કચરાના નિકાલ માટેના નિયુકત કરેલ સુપરવિઝન કરતા કર્મચારીઓની માહિતી આપશો. તથા તેઓ દ્વારા તેમનાં ફરજ રૂપે સુપરવિઝનની માહિતી નો રેકર્ડ નિભાવવામાં આવતો હોય, તો તે રેકર્ડની સંપુર્ણ નકલો સહિત માહિતી આપશો. (૪) ડોર ટુ ડોર કચરો ભેગો કરવા લિંબાયત ઝોનમા મુકવામાં આવેલ તમામ ગાડીઓ (વ્હીકલ) ની માહિતી, તેઓના આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબરની માહિતી સાથે પુરી પાડશો. (૫) લિંબાયત ઝોન વિસ્તારથી ડોર ટુ ડોર કચરો ભેગો કરવા કચરાની ગાડી ઉપર તથા કચરો ભેગો કરવાથી તેના નિકાલ માટે તમામ કર્મચારીઓ તથા અધિકારીઓની સંખ્યા સાથે,તેઓના નામ તથા તેઓને ચુકવાતા પગાર ભથ્થાની માહિતી આપશો તથા તેઓના હાજર ગેરહાજરની હાજરીબુક અથવા કાર્ડની એટેસ્ટેડ નકલો આપશો. (૬) ડોર ટુ ડોર કચરા માટે લિંબાયત ઝોનને સને ૨૦૧૫–૧૬ માં મળેલ તમામ ફરીયાદો તથા તેના અનુસંધાનમાં કરેલ કાર્યવાહીઓની સંપુર્ણ એટેસ્ટેડ નકલો સહિત વિગતવાર માહિતી આપશો. (૭) લિંબાયત ઝોન વિસ્તારમાંથી ડોર ટુ ડોર કલેકશન કરેલ કચરાનો નિકાલ કઈ જગ્યાએ તથા કયા પ્રકારે કરવામાં આવે છે તથા ડોર ટુ ડોર કલેકશન કરેલ કચરો સુરત મહાનગરપાલિકા દ્વારા જે ઉપયોગ કરવામાં આવતો હોય, તે અંગેની માહિતી આપશો. (૮) ડોર ટુ ડોર કલેકશન કરેલ કચરા પર સુરત મહાનગરપાલિકા દ્વારા જે પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય, તે અંગેની સંપુર્ણ એટેસ્ટેડ નકલો સાથે વિગતવાર માહિતી આપશો. (૯) ડોર ટુ ડોર કચરો ભેગો કરવા માટે તે ઉપયોગમાં લેવામાં આવતા વાહનોમાં ઈંધણ ભરવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા જે ખર્ચ કરવામાં આવતો હોય, તે અંગેની માહિતી આપશો. ડોર ટુ ડોર કચરો કલેકશન કરવા માટે રાખવામાં આવેલ તમામ વાહનોની મિનિટસ બુક અથવા કોઈ અન્ય રેકર્ડ

નિભાવવામાં આવતો હોય, તો તેની એટેસ્ટેડ નકલો આપશો. તેમજ અપીલ અરજીમાં "ખોટી તથા અધુરી માહિતી તેમજ નિયત સમયગાળા પછી જાણ કરતા" એમ જણાવી અત્રેના પ્રથમ અપીલ અધિકારીશ્રી, સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) સુરતને સંબોધીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના ઈ.નં.૧૪૯૩, તા.૨૨/૦૩/૧૬ થી મળેલ છે.

મૂળ અરજીની નકલ, તબદીલી, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૦૫ માં નીચે સહી કરનારને પહોચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા અરજદારને નકલ ચાર્જ ભરવા અંગે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પત્ર (નમૂનો "ખ") પાઠવેલ હોય તો તેની નકલ ઉપરાંત માહિતીની દફતરી વિગતો મુદ્દા વાઈઝ નકલ સ્પષ્ટ કરવા નં.SEZ/EST/RTI CELL/૮૭૩, તા.૩૧/૦૩/૧૬ થી સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવેલ.

ઉપરોકત સમગ્ર તુમારી કામના કાગળો ચકાસતા મુળ અરજીના અનુસંધાનમાં માંગેલ માહિતી અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને સીની.ચીફ સેનેટરી ઈન્સ્પે. શ્રી એમ.એ.શેખ દ્વારા ક્રમાંક : સા.ઈ.ઝોન/આરોગ્ય/આ.નં./૧૮૦૨, તા.૦૮/૦૩/૨૦૧૬ થી જાહેર માહિતી અધિકારી, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, જુની ઝોન ઓફીસ, તાડવાડી, રાંદેર રોડ પ્રતિ નમુનો 'ઘ' પાઠવી અંશંતઃ તબદીલ કરેલ હોવાનું જણાય છે. તેમજ ક્રમાંક : સા.ઈ.ઝોન/આરોગ્ય/આ.નં./૧૮૨૫, તા.૧૧/૦૩/૨૦૧૬ થી અરજદારને પાઠવેલ જવાબ(માહિતી) મુજબ **"મુદ્દા નં.(૩) સદર માહિતીના પાના નંગ–૧ હોય રૂ. ૨/– લેખે રૂ.૨/– ભર્યેથી નકલ મેળવી શકશો. મુદ્દા નં.(૪) સદર માહિતીના પાના નંગ–૭૪ હોય રૂ. ૨/– લેખે રૂ.૧૪૮ ભર્યેથી નકલ મેળવી શકશો. મુદ્દા નં. (૫) ડોર ટુ ડોરની કુલ ૩૪ ગાડીઓ ચાલે છે. જેમાં દરેક ગાડી ઉપર એક(૧) ડ્રાઈવર અને બે(૨) સ્વચ્છતા મિત્ર રાખવામાં આવે છે. તેમજ વોર્ડ દીઠ એક (૧) સુપરવાઈઝર રાખવાનાં રહે છે. ડ્રાઈવર અને સ્વચ્છતા મિત્ર ના નામની વિગતના પાના નંગ–૨ થાય છે. જે રૂ.૪/– ભર્યેથી મળી શકશે. મુદ્દા નં.(૬) સદર માહિતીના પાના નંગ–૫૫૬ હોય એક પાનાના રૂ.૨/– લેખે રૂ.૧૧૧૨/– ભર્યેથી નકલ મેળવી શકશો. મુદ્દા નં.(૯) ડોર ટુ ડોર ની ગાડીના વાહનોમાં ઈંધણ કોન્ટ્રાકટર દ્વારા ભરાવવામાં આવે છે. અન્ય માંગણીની વિગતો તથા સમયગાળો સ્પષ્ટ થતો નથી જેથી વિગતવાર માહિતી આપશો. જેથી તે મુજબની માહિતી નિયમાનુસાર આપી શકાય."** આમ, અરજદારશ્રીને સમયમર્યાદામાં જવાબ (માહિતી) પુરી પાડેલ હોવાનુ જણાય છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭/૦૨/૧૬ ના રોજની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને સીની.ચીફ સેનેટરી ઈન્સ્પે. શ્રી એમ.એ.શેખ દ્વારા સમયમર્યાદામાં જવાબ (માહિતી) પુરી પાડેલ હોય તેઓશ્રીને વિશેષ કોઈ હુકમ કરવા જોગ રહેતો નથી. તેમજ તેમના જણાવ્યાનુસાર નકલ ચાર્જ ભરી નકલ સહિતની (માહિતી) મેળવવા અરજદારશ્રીને જણાવવામાં આવે છે. અથવા અરજદાર ઈચ્છુક હોય તો સંબંધીત જાહેર માહિતી અધિકારીશ્રીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજના દિવસો દરમ્યાન ઉપલબ્ધ દફતરી ચકાસણી દ્વારા માહિતી ની ખરાઈ કરી નિયત ફી ભરી જરૂરીયાત મુજબની નકલો સહિતની માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે.

સદર હુકમથી અરજદાર નારાજ હોય તો, માન.મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, ગાંધીનગર સમક્ષ દિન – ૯૦ માં દ્વિતીય અપીલ અરજી કરી શકે છે.

(ડો.પી.એચ.ઉમરીગર)
એપેલેટ ઓફિસર અને નાયબ આરોગ્ય અધિકારી
રાઈટ ટુ ઈન્ફો.સેલ (SEZ/EST)
સુરત મહાનગરપાલિકા

નં. આરટીઆઈ સેલ/મહેકમ
તારીખઃ– /૦૫/૨૦૧૬

પ્રતિ,

(૧) શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને સીની.ચીફ સેનેટરી ઈન્સ્પે., S.E.Z.. પ્રતિ જાણ સારૂ...

(૨) શ્રી અરૂણ એસ. પાઠક, તેઓની અપીલ અરજી અંગે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ...

# સુરત મહાનગરપાલિકા

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
વાટીકા ટાઉનશીપ સામે, ડુંભાલ, સુરત.
૦૨૬૧–૨૩૩૧૯૦૩–૦૪–૦૫
અપીલ અરજી નં.SMC/FAP/SEZ/નં.૧૨૪
તા.૨૬/૧૨/૨૦૧૭ (૨૦૧૭–૧૮)

**અરજદાર :–** શ્રી સુજીત આર.મિશ્રા

**સામાવાળા :–** શ્રી વી.એન.દેવધરા, જાહેર માહિતી અધિકારી અને ચીફ સેને. ઈન્સ્પેકટર, S.E.Z.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રી સુજીત આર.મિશ્રાની અત્રેના ઈ.નં.૧૦૩૨, તા.૧૬/૧૧/૨૦૧૭ (આઈ.ડી.નં.૪૯૯, તા.૧૫/૧૧/૧૭, સા.ઈ.ઝોન) થી કરવામાં આવેલ મુળ અરજીમાં જણાવેલ મુજબ સુરત સબ ડી.તા.ચોર્યાસીના શહેર સુરત મહાનગરસેવાસદનની હદમાં આવેલ ગામ મોજે ડીડોલીના સર્વે નં.૨૩૧, બ્લોક નં.૩૭૦ કે જેનો ટી.પી.સ્કીમ નં.૪૧, ફા.પ્લોટ નં.૪૨ છે, તે જમીનમાં ૧ થી ૯૬ પ્લોટો પાડવામાં આવેલ છે, જે 'પટેલ નગર' નામની સોસાયટીથી ઓળખાય છે, જેનો સોસાયટીનો સુડાનો પ્લાન તેમજ રીવાઈઝડ પ્લાન, પ્રિપ્લાનની નકલો તથા સી.ઓ.પી.માં હાલ જે બાંધકામ થયેલ છે તે બાંધકામ કયા કયા પુરાવાઓ તથા પ્લોટ નં.૪૯ ની બાજુમાં આવેલ સી.ઓ.પી.ની જગ્યામાં ચાલી આવેલ બોરીંગનું સંચાલન સુરત મહાનગરપાલિકા તરફથી થતું હતું. તેનો સમયગાળો જણાવવા તથા તે બોરીંગ ચલાવવા માટેના કર્મચારીની વિગત તથા પગારની માહિતી તથા આ જગ્યા ફાઈલેરિયા ખાતા માટે ઉપયોગમાં રાખેલ હતી, તેનો સમયગાળો જણાવવા નમ્ર અરજ છે.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અત્રેના ઈ.નં.૧૧૫૯, તા.૨૬/૧૨/૧૭ ની અપીલ અરજી, SMC/FAP/SEZ નં.૧૨૪/૨૦૧૭–૧૮.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, અરજદારશ્રી સુજીત આર.મિશ્રાની અત્રેના ઈ.નં.૧૦૩૨, તા.૧૬/૧૧/૨૦૧૭ (આઈ.ડી.નં.૪૯૯, તા.૧૫/૧૧/૧૭, સા.ઈ.ઝોન) થી કરવામાં આવેલ મુળ અરજીમાં જણાવેલ મુજબ સુરત સબ ડી.તા.ચોર્યાસીના શહેર સુરત મહાનગરસેવાસદનની હદમાં આવેલ ગામ મોજે ડીડોલીના સર્વે નં.૨૩૧, બ્લોક નં.૩૭૦ કે જેનો ટી.પી.સ્કીમ નં.૪૧, ફા.પ્લોટ નં.૪૨ છે, તે જમીનમાં ૧ થી ૯૬ પ્લોટો પાડવામાં આવેલ છે, જે 'પટેલ નગર' નામની સોસાયટીથી ઓળખાય છે, જેનો સોસાયટીનો સુડાનો પ્લાન તેમજ રીવાઈઝડ પ્લાન, પ્રિપ્લાનની નકલો તથા સી.ઓ.પી.માં હાલ જે બાંધકામ થયેલ છે તે બાંધકામ કયા કયા પુરાવાઓ તથા પ્લોટ નં.૪૯ ની બાજુમાં આવેલ સી.ઓ.પી.ની જગ્યામાં ચાલી આવેલ બોરીંગનું સંચાલન સુરત મહાનગરપાલિકા તરફથી થતું હતું. તેનો સમયગાળો જણાવવા તથા તે બોરીંગ ચલાવવા માટેના કર્મચારીની વિગત તથા પગારની માહિતી તથા આ જગ્યા ફાઈલેરિયા ખાતા માટે ઉપયોગમાં રાખેલ હતી, તેનો સમયગાળો જણાવવા નમ્ર અરજ છે. તેમજ અપીલ અરજીમાં **"જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ હોવાથી"** એમ જણાવી અરજદારશ્રી દ્વારા પ્રથમ અપીલ સત્તાધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત), સુરતને સંબોધીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના ઈ.નં.૧૧૫૯, તા.૨૬/૧૨/૨૦૧૭ થી મળેલ છે.

મૂળ અરજીની નકલ, તબદીલી, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૫ માં નીચે સહી કરનારને પહોચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા

અરજદારને નકલ ચાર્જ ભરવા અંગે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પત્ર (નમૂનો "ખ") પાઠવેલ હોય તો તેની નકલ ઉપરાંત માહિતીની દફતરી વિગતો મુદ્દા વાઈઝ નકલ સ્પષ્ટ કરવા નં.સા.ઈ.ઝોન/ઈ.એસ.ટી/આર.ટી.આઈ.સેલ/૫૪૬, તા.૦૫/૦૧/૧૮ થી સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવેલ.

ઉપરોકત સમગ્ર તુમારી કામના કાગળો ચકાસતાં મુળ અરજીના અનુસંધાનમાં સંબંધિત જાહેર માહિતી અધિકારી એ ચીફ સેને.ઈન્સ્પેકટરશ્રી વી.એન.દેવધરા દ્વારા ક્રમાંકઃ સા.ઈ.ઝોન/આરોગ્ય/આ.નં./૧૬૧૪, તા.૩૦/૧૧/૨૦૧૭ થી પાઠવેલ જવાબ(માહિતી) મુજબ **"અત્રેના રેકર્ડ માહિતી ઉપલબ્ધ નથી."** આમ, સમય મર્યાદામાં જવાબ પાઠવેલ હોવાનું જણાય છે.

**હુકમ**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫/૧૧/૧૭ ના રોજની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને ચીફ સેને.ઈન્સ્પેકટરશ્રી વી.એન.દેવધરા સમય મર્યાદામાં જવાબ પૂરો પાડેલ હોય, તેઓને વિશેષ કોઈ હુકમ કરવા જોગ રહેતો નથી. આમ છતાં, અરજદારશ્રી ઈચ્છુક હોય તો, સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીનો આગોતરો સમય મેળવી કચેરી કામકાજના દિવસો દરમિયાન ઉપલબ્ધ હકીકતલક્ષી દફતરી ચકાસણી કરી જરૂરીયાત મુજબની માહિતી નિયમ મુજબ મેળવી લેવા સ્વતંત્ર છે.

સદર હુકમથી અરજદાર નારાજ હોય તો, માન.મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, ગાંધીનગર સમક્ષ દિન – ૯૦ માં દ્વિતીય અપીલ અરજી કરી શકે છે.

(ડો.એ.પી.ભટ્ટ)
એપેલેટ ઓફિસર અને નાયબ આરોગ્યઅધિકારી
રાઈટ ટુ ઈન્ફો.સેલ (SEZ/EST)
સુરત મહાનગરપાલિકા

નં. આરટીઆઈ સેલ/મહેકમ
તા. /૦૧/૨૦૧૮

પ્રતિ,
(૧) શ્રી વી.એન.દેવધરા, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર, S.E.Z. પ્રતિ જાણ સારૂ...

(૨) શ્રી સુજીત આર.મિશ્રા, તેઓની અપીલ અરજી અંગે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ...